## ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

ક્રમાંક:-સંકલન/ખતપ-૪૩/૨૦૨૩-૨૪/૬૭૬૧થી૬૭૯૮

તા.૦૧/૦૯/૨૦૨૩

### જાહેરનામું

(૧) ગુજરાત પંચાયત સેવાના વિસ્તરણ અધિકારી વર્ગ-૩ (પંચાયત/ખેતી/સહકાર) તથા તાલુકા પંચાયત અધિકારી ખાતાકીય પરીક્ષા નિયમો-૨૦૦૯ કે જે સરકારશ્રીનાં પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:-કેપી-૧૫/૨૦૦૯/પીઇઆર/૧૦૨૦૦૭/ ૧૮૭૭/ડી તા.૭/૭/૨૦૦૯ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા તેમાં સરકારશ્રીનાં પંચાયત વિભાગનાં જાહેરનામાં ક્રમાંક:- કેપી/૧૧૭ ઓફ ૨૦૧૪/પીઇઆર/૧૦૨૦૧૪/ ૧૦૩/ખ તા.૩૦/૧૨/૨૦૧૪ થી પંચાયત સેવાના વિસ્તરણ અધિકારી વર્ગ-૩(પંચાયત) તાલુકા પંચાયત અધિકારીની/વિસ્તરણ અધિકારી (ખેતી) વિસ્તરણ અધિકારી (સહકાર) ખાતાકીય પરીક્ષા નિયમોથી સુધારા કરવામાં આવેલ છે, અને ત્યારબાદ સરકારશ્રીના પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:-કેપી/૦૬/ઓફ ૨૦૧૯/પીઇઆર/૧૦૨૦૧૪/ ૧૦૩/ખ તા.૬/૩/૨૦૧૯થી નિયમ ૩(૧) અને ૩(૨) સુધારા કરવામાં આવેલ છે. ઉપરોકત સુધારા વધારા સાથેના ખાતાકીય પરીક્ષા નિયમો અન્વયે વિસ્તરણ અધિકારી વર્ગ-૩ (પંચાયત/ખેતી/સહકાર) તથા તાલુકા પંચાયત અધિકારીની ખાતાકીય પરીક્ષાનું આયોજન હવે પછી મંડળ દ્વારા કરવામાં આવનાર છે. જે માટે યોગ્ય પાત્રતા/લાયકાત ધરાવતા કર્મચારીઓ પાસેથી નિયત અરજી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

(૨) ઉપરોકત પરીક્ષા માટે ઉપર જણાવેલ છેલ્લાં સુધારા વધારા સાથેના વિસ્તરણ અધિકારી વર્ગ-૩ (પંચાયત/ખેતી/સહકાર)તથા તાલુકા પંચાયત અધિકારીની ખાતાકીય પરીક્ષાના નિયમો હેઠળ જરૂરી લાયકાત ધરાવતા કર્મચારીઓ નિયત અરજી ફોર્મ(પરિશિષ્ટ-ક) માં અરજી કરી શકશે. સદર પરીક્ષા માટે અરજી કરવાની છેલ્લી તા.૩૧/૧૦/૨૦૨૩ રહેશે.

(૩) આ પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા માટે તા.૩૧/૧૦/૨૦૨૩ મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ છે.

(૪) પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી મંડળ દ્વારા જાહેર કરવામાં આવશે. જેમાં ફેરફાર કરવાનો હક્ક મંડળને રહેશે.

(૫) આ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા હોય અને નિયત લાયકાત/પાત્રતા ધરાવતા હોય તેવાં કર્મચારીઓએ ઉપરોકત નિયમોના નિયમ-(૧૦)૧ મુજબ પરિશિષ્ટ-"ક"ના નિયત અરજી ફોર્મમાં તેમની અરજી અસલમાં જરૂરી આધાર પુરાવા સાથે તા.૦૧/૦૯/૨૦૨૩ થી તા.૩૧/૧૦/૨૦૨૩ સુધીમાં જે તે જિલ્લા પંચાયતની મહેકમ શાખાને રૂબરૂમાં મોકલી આપવાની રહેશે.

(૬) સદર પરીક્ષાના કોઇપણ પેપરમાંથી મુકિત મેળવેલ હોય તેવા કિસ્સામાં સંબધિત ઉમેદવારે તેના અરજી પત્રકના કોલમ-૬ માં તે પરીક્ષાનો બેઠક નંબર, મહિનો અને વર્ષ ઉપરાંત વિષયની વિગતો અને મેળવેલ ગુણની માહિતી દર્શાવવાની રહેશે અને તે અંગેના આધાર-પુરાવા અરજી સાથે જોડવાના રહેશે.

(૭) અરજીપત્રકમાં કોઇ કોલમની માહિતી "શૂન્ય" હોયતો "-" નિશાની ન કરતા "શૂન્ય" શબ્દનો ઉપયોગ કરવાનો રહેશે.

(૮) જે તે જિલ્લા પંચાયતમાંથી અન્ય કોઇ સંસ્થા કે કચેરીમાં પ્રતિનિયુકિત પર ગયેલાં કર્મચારીઓને આ ખાતાકીય પરીક્ષા અંગેની સમયસર જાણ કરવાની જવાબદારી સંબધિત નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) ની રહેશે.

(૯) સંબધિત જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) દ્વારા આ ખાતાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની અરજીઓ ઘનિષ્ટ રીતે ચકાસવાની રહેશે. તેમજ અરજી કરનાર કર્મચારી આ ખાતાકીય પરીક્ષામાં બેસવા માટે નિયત પાત્રતા/લાયકાત ધરાવે છે કે કેમ? તેની પૂરતી ચકાસણી કરવાની રહેશે. જો કોઇ કર્મચારી આ પરીક્ષામાં બેસવા માટેની યોગ્ય લાયકાત/પાત્રતા ન ધરાવતા હોય તો તેવા કર્મચારીના અરજી ફોર્મ સંબધિત જિલ્લા પંચાયત દ્વારા સ્વીકારવાના રહેશે નહી. કર્મચારીના નિયત અરજીપત્રકમાં કર્મચારીની યોગ્યતાનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીએ આપવાનું રહેશે.

(૧૦) ઉકત કર્મચારીઓના અરજીપત્રક જિલ્લા પંચાયતની મહેકમ શાખામાં મળ્યા બાદ અને પૂરતી ચકાસણી કર્યા બાદ મહેકમ શાખા દ્વારા પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની ડેટા એન્ટ્રી નિયત પત્રકમાં કરવાની રહેશે. જે ડેટા એન્ટ્રી માટેના પત્રકનો નિયત નમૂનો મંડળ દ્વારા તમામ જિલ્લા પંચાયતોને મોકલવામાં આવશે. આવી ડેટા એન્ટ્રીમાં કોઇ ભૂલ/ક્ષતિ રહી ન જાય તે જોવાની જવાબદારી નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) ની રહેશે.

(૧૧) આ ખાતાકીય પરીક્ષામાં બેસનાર કર્મચારીઓની નિયત પત્રકમાં ડેટા એન્ટ્રી થયા બાદ તેની નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ)ના સહી સિક્કાવાળી પ્રિન્ટેડ નકલ તથા તેની સોફટકોપી (સી.ડી/પેનડ્રાઇવ) ઉમેદવાર-કર્મચારીઓના અસલ અરજીપત્રક અને યોગ્યતાના પ્રમાણપત્ર સહિત સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને રૂબરૂમાં તા.<u>૦૬-૧૧-૨૦૨૩</u> સોમવારનાં રોજ મોકલી આપવાના રહેશે.

(૧૨) આ ખાતાકીય પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

(૧૩) ખાતાકીય પરીક્ષા માટે અરજી કરનાર તમામ કર્મચારીઓ આ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહે અથવા ગેરહાજર રહે તો પણ આ પરીક્ષા તેમના માટે <u>"એક તક"</u> ગણાશે.

(૧૪) અરજી કર્યા બાદ જો કોઇ કર્મચારીનું નામ નિયમ-૧૦(૧) મુજબ પરીક્ષાર્થી તરીકે નોંધાયેલ હોય અને તે કર્મચારી કોઇ કારણોસર પરીક્ષામાં બેસવા ઇચ્છતા ન હોય તો તેના કારણો સાથેની અસલ અરજી સંબધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગરને <u>ખાતાકીય પરીક્ષા શરૂ થયાની તારીખથી ઓછામાં ઓછાં ૩૦ દિવસ અગાઉ મોકલવાની રહેશે. અન્યથા આવા કર્મચારી માટે આ પરીક્ષા "એક તક" ગણાશે.</u>

(૧૫) આ ખાતાકીય પરીક્ષા માટે મંડળ દ્વારા પુસ્તકો પૂરા પાડવામાં આવશે નહીં. ઉમેદવારોએ અભ્યાસક્રમના નિયત પુસ્તકોની વ્યવસ્થા જાતે કરવાની રહેશે, અથવા સંબધિત જિલ્લા પંચાયત દ્વારા સદર વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૬) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:-કેપી/૨૦/૨૦૧૩/પીઇઆર/૧૦૨૦૦૭/૧૬૯૪/ડી તા.૧૮/૯/૨૦૧૩ અન્વયે આ ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્રોનુ સ્વરૂપ

હેતુલક્ષી (મલ્ટીપલ ચોઇસ પ્રશ્ન) પ્રકારના રહેશે, અને ઉમેદવારે ઓ.એમ.આર શીટમાં જવાબો લખવાના રહેશે. ઓ.એમ.આર શીટ મંડળ દ્વારા પૂરી પાડવામાં આવશે.

(૧૭) ઉમેદવારોના બેઠક નંબર અને પરીક્ષા કેન્દ્રની વિગતો યોગ્ય સમયે જિલ્લા પંચાયતોને અત્રેથી મોકલવામાં આવશે. પરીક્ષાના કાર્યક્રમની જાહેરાત મંડળની વેબસાઇટ ઉપર કરવામાં આવશે.

"મંડળનાં આદેશાનુસાર"

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

પ્રતિ,

મેનેજરશ્રી,મધ્યસ્થ મુદ્રાણાલય, ગાંધીનગર તરફ

ઉપરોકત જાહેરનામાંની પ્રસિધ્ધિ આગામી સરકારી ગેઝેટમાં ભાગ-૧'અ' માં કરવા અને જેની પાંચ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન.અગ્ર સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,સચિવાલય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(3) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી-તમામ, તરફ જાણ,બહોળી પ્રસિધ્ધિ તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૪) નાયબ સચિવશ્રી,(પંચાયત), ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના-જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ) જિલ્લા પંચાયત કચેરી,(તમામ)

(૨) કચેરીના નોટિસ બોર્ડ તરફ પ્રસિધ્ધિ સારૂ.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર